सत्यमेव जयते
ગુજરાત સરકાર

एनएमडीएफसी
NMDFC

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
# ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ

**અલ્પસંખ્યક સમુદાય**

**ધાર્મિક : મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ, પારસી, યહૂદી**

**ભાષાકિય : સિંધી, મરાઠી, ઉર્દુ**

## ગુજરાત સરકાર,
## રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ અને
## રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી
## તથા રાજ્ય સરકારની યોજનાઓ

ભોંયતળિયે અને બીજો માળ, બ્લોક નંબર : ૧૧,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નંબર : (૦૭૯) ૨૩૨ ૫૩૮૪૩, ૨૩૨ ૫૪૫૮૩, ૨૩૨ ૫૩૭૫૭

e-mail : md-gmfdcl@gujarat.gov.in
www.sje.gujarat.gov.in

Scanned with CamScanner

# નિગમની સ્થાપના ઉદ્દેશો અને હેતુઓ

રાજ્યના અલ્પસંખ્યક સમુદાયના આર્થિક રીતે નબળા વર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે વર્ષ ૧૯૯૯માં ગુજરાત લઘુમતિ બોર્ડને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ છે. આ નિગમ રૂા. ૨૦.૦૦ કરોડની અધિકૃત શેરમૂડી ધરાવતું ભારતીય કંપની ધારા હેઠળ નોંધાયેલ નિગમ છે. નિગમની ભરપાઈ થયેલ શેરમૂડી રૂા.૨૦.૦૦કરોડ છે.

નિગમ મુખ્યત્વે રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સી તરીકે કામગીરી કરે છે. અલ્પસંખ્યક સમુદાયના ૧૮૨૯૮થી વધુ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ રૂા.૯૭.૦૬ કરોડ જેટલું ધિરાણ કરેલ છે.

નિગમ દ્વારા રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમની યોજનાઓ ઉપરાંત અલ્પસંખ્યકોના કલ્યાણની રાજ્ય સરકારની કેટલીક યોજનાનું પણ અમલીકરણ.

વધુમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ : ૨૦૦૭-૦૮ થી આ નિગમને વિકલાંગોના આર્થિક ઉત્કર્ષની રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની યોજનાના અમલીકરણની પણ જવાબદારી સોંપેલ છે.

૧. અલ્પસંખ્યકો પૈકી આર્થિક રીતે નબળા ઈસમોના આર્થિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.

૨. અલ્પસંખ્યક વર્ગોની વ્યક્તિઓ કે વ્યક્તિઓના જુથોને આર્થિક તથા નાણાંકીય રીતે નભી શકે તેવી યોજનાઓ અને પરિયોજનાઓ માટે સરકારશ્રી દ્વારા વખતો વખત વખતોવખત ઠરાવે તે મુજબની આવક મર્યાદા અને આર્થિક માપદંડને આધિન રહીને મદદ કરવી.

૩. અલ્પસંખ્યકોના લાભાર્થે સ્વરોજગાર અને અન્ય વ્યવસાયિક સાહસોને પ્રોત્સાહન આપવું.

૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ભારતીય રીઝર્વ બેંકે દર્શાવેલી માર્ગદર્શક સૂચનાઓ મુજબ યોજનાઓ અનુસાર વખતોવખત નક્કી કરવામાં આવે તે વ્યાજ દરે ધિરાણ આપવું.

૫. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ટેકનીકલ વ્યવસાયલક્ષી તેમજ તબીબી અને મેડીકલ કક્ષાના અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવવા અલ્પસંખ્યક સમુદાયના પાત્ર વિદ્યાર્થીઓને લોન આપવી.

૬. ઉત્પાદક એકમોના યોગ્ય અને કાર્યક્ષમ સંચાલન માટે અલ્પસંખ્યક સમુદાયના ઈસમોના ટેકનીકલ અને ઉદ્યોગ સાહસિકતા વિષયક કૌશલ્યની કક્ષા ઉંચી લાવવામાં મદદ કરવી.

૭. રાજ્ય સરકાર દ્વારા અન્ય સમાજની હરોળમાં લાવવા અલ્પસંખ્યકોના આર્થિક વિકાસ માટે મદદ કરવાની જવાબદારી માટે નિયુક્ત કરેલ તમામ કચેરીઓ/નિગમો/બોર્ડ સંસ્થાઓની કામગીરીના સંકલન અને તેના પર દેખરેખ તથા નિયંત્રણ રાખવા માટે ટોચની સંસ્થા તરીકે કામ કરવું.

૮. અલ્પસંખ્યકોના વિકાસ માટેની સરકારશ્રીની નીતિઓ અને કાર્યક્રમોને આગળ ધપાવવામાં મદદ કરવી.

## અલ્પસંખ્યક ધાર્મિક અને ભાષાકીય સમુદાયો

ધાર્મિક અલ્પસંખ્યક સમુદાયો : ૧. મુસ્લિમ, ૨. ખ્રિસ્તી, ૩. શીખ, ૪. જૈન, ૫. બૌધ્ધ, ૬. પારસી, ૭. યહૂદી

ભાષાકીય સમુદાયો : ૧. સિંધી, ૨. મરાઠી, ૩. ઉર્દુ

Scanned with CamScanner

# અલ્પસંખ્યક સમુદાયના ઈસમો માટે યોજનાઓ

અ. રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની યોજનાઓ :

આ યોજનાઓ કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ માઈનોરીટી કમિશન અધિનિયમ: ૧૯૯૨ હેઠળ જાહેર કરાયેલ અલ્પસંખ્યક સમુદાયો – ૧. મુસ્લિમ, ૨. ખ્રિસ્તી, ૩. શીખ, ૪. જૈન, ૫. બૌધ્ધ ૬. પારસી અને ૭. યહૂદી માટે જ છે. આ યોજનાઓ હેઠળ અલ્પસંખ્યક સમુદાયના આર્થિક રીતે નબળા ઈસમો માટે મુખ્યત્વે ત્રણ યોજનાઓ અમલમાં છે. (૧) મુદતી ધિરાણ, (૨)શૈક્ષણિક લોન, (૩)માઈક્રો ક્રેડીટ

અરજદારે યોજનાનો લાભ લેવાની પાત્રતા.

૧. અરજદાર ગુજરાત રાજ્યના અલ્પસંખ્યક સમુદાય (મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ, પારસી અને યહૂદી) જાતિના હોવા જોઈએ.

૨. અરજદાર જે વ્યવસાય માટે ધિરાણ મેળવવા માંગતા હોય તેનો અનુભવ કે તાંત્રિક વ્યવસાયની જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૩. અરજદાર અથવા તેના કુટુંબના કોઈ સભ્યે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમીટેડ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર સહિત કેન્દ્ર/રાજ્ય સરકારના કોઈ અન્ય નિગમ/સંસ્થા અથવા બેંક પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઈએ નહીં.

## યોજનાઓ

૧. મુદ્દતી ધિરાણ યોજના (Term Loan) :

આ યોજના હેઠળ નીચે જણાવેલ વિવિધ ક્ષેત્રના વ્યવસાયો માટે રૂા. ૧૦,૦૦૦ થી ૨૦.૦૦ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે.

૧. ખેતીવાડી અને તેના સંલગ્ન વ્યવસાય જેવા કે પશુપાલન, મત્સ્યોદ્યોગ વિગેરે
૨. ટેકનીકલ પ્રકારના સ્વરોજગારના વ્યવસાયો.
૩. સેવા પ્રકારના વ્યવસાયો જેવા કે લોન્ડ્રી, ઓટો રીપેરીંગ, બ્યુટી પાર્લર વિગેરે
૪. હસ્તકલાના વ્યવસાયો.
૫. ટ્રાન્સપોર્ટ સેક્ટર

વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર ૯૮૦૦૦/- શહેરી વિસ્તાર માટે ૧૨૦૦૦૦/- આ ધિરાણ વાર્ષિક ૬% વ્યાજના દરે આપવામાં આવે છે. રૂ. ૧૨૦૦૦૦ થી વધુ અને ૬૦૦૦૦૦ સુધી આવક ધરાવતા કુટુંબ માટે વ્યાજનો દર પુરુષ માટે ૮% અને મહિલા માટે ૬% છે. વધુમા વધુ ૩૦૦૦૦૦૦ સુધી ધિરાણ આપવામાં આવે છે. લાભાર્થીને મળેલ ધિરાણ વ્યાજ સહિત પાંચ વર્ષમાં ૬૦ એક સરખા હપ્તાઓમાં નિગમને પરત ચૂકવવાનું હોય છે. લાભાર્થીએ કરેલ મોડી ચૂકવણી બદલ તેઓ ૨% દંડનીય વ્યાજ ચૂકવવા જવાબદાર થાય છે.

અરજદારની ઉંમર : ૨૧ વર્ષ થી ૪૫ વર્ષની હોવી જોઈએ.

વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૯ સુધીમાં મુદ્દતી ધિરાણ યોજના હેઠળ અલ્પસંખ્યક સમુદાયના ૧૫૭૦૦ લાભાર્થીઓને કુલ રૂા.૭૬.૩૫ કરોડનું ધિરાણ આપવામાં આવેલ છે.

૨. શૈક્ષણિક ધિરાણ યોજના (Educational Loan) :

આ યોજના હેઠળ વિવિધ તાંત્રિકી અને બિન તાંત્રિકી શિક્ષણ કે જેના દ્વારા લાભાર્થી માટે રોજગારી અથવા નોકરીની વિશેષ તકો ઉભી થતી હોય તેવા તમામ પ્રકારના શિક્ષણ માટે ધિરાણ અપાય છે.

આ યોજના હેઠળ દેશમાં અભ્યાસ કરવા માટે વર્ષ દીઠ વધુમાં વધુ રૂા. ૪ લાખ અને પાંચ વર્ષના અભ્યાસ માટે વધુમાં વધુ રૂા. ૨૦.૦૦ લાખનું ધિરાણ મળી શકે છે. વિદેશ અભ્યાસ માટે વધુમાં વધુ ૧ વર્ષ માટે ૬ લાખ અને ૫ વર્ષ માટે ૩૦.૦૦ લાખની ધિરાણની જોગવાઈ છે વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૯૮૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧૨૦૦૦૦/- છે. આ ધિરાણ પર વાર્ષિક ૩% ના દરે વ્યાજ ચૂકવવાપાત્ર થાય છે.

Scanned with CamScanner

રાષ્ટ્રીય નિગમની ક્રેડીટ લાઈન-૨ મુજબ રૂ.૧,૨૦,૦૦૦/- ઉપર ૬ લાખ સુધી આવક ધરાવતા કુટુંબો માટે વ્યાજનો દર વિદ્યાર્થીની માટે ૫% અને વિદ્યાર્થી માટે ૮% છે. ધિરાણ તથા વ્યાજની રકમ અભ્યાસ પૂર્ણ થયા બાદ છ મહિના પછી અથવા તો નોકરી મળે તે બે માંથી જે વહેલું હોય ત્યારથી પાંચ વર્ષમાં એક સરખા ૬૦ માસિક હપ્તાઓમાં પરત ચૂકવવાની રહે છે. વિલંબિત થયેલ ચૂકવેલી પર ૨% ના દરે દંડનીય વ્યાજ ચૂકવવાનું થાય છે.

અરજદારની ઉંમર : ૧૬ વર્ષ થી ૩૨ વર્ષની હોવી જોઈએ.

વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૯ સુધીમાં શૈક્ષણિક ધિરાણ યોજના હેઠળ અલ્પસંખ્યક સમુદાયના ૧૬૩૦ લાભાર્થીઓને રૂા. ૧૫૭૭.૬૦ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે.

૩. માઇક્રો ફાયનાન્સ યોજના :

આ યોજના હેઠળ અલ્પસંખ્યક સમુદાયના ૩/૪ (૭૫%) થી વધુ સભ્યો ધરાવતા સ્વસહાય જુથોને તે વિસ્તારની સારી શાખ ધરાવતી બિન સરકારી સંસ્થા મારફત ધિરાણ આપવામાં આવે છે. આવું સ્વસહાય જુથ ઓછામાં ઓછુ ૨૦ સભ્યોનું બનેલું હોવુ જોઈએ અને ઓછામાં ઓછા ૧(એક) વર્ષથી સારી રીતે કાર્યરત હોવું જરૂરી છે. આવા જુથના સભ્યદીઠ વધુમાં વધુ રૂા. ૧,૦૦,૦૦૦- સુધીનું ધિરાણ મળી શકે છે. આ યોજના હેઠળ નિગમ દ્વારા બિન સરકારી સંસ્થાને ૨% ના દરે અને સંસ્થાએ સ્વસહાય જુથના સભ્યોને વધુમાં વધુ વાર્ષિક ૭% ના વ્યાજના દરે ધિરાણ આપવામાં આવે છે આ ધિરાણ ૩(ત્રણ) વર્ષમાં ૩૬ એક સરખા હપ્તાઓમાં નિગમને પરત ચૂકવવાનું હોય છે. ચૂકવણીમાં થયેલ વિલંબ પર ૨% ના દરે દંડનીય વ્યાજ ચૂકવવા સંસ્થા-લાભાર્થી જવાબદાર બને છે.

વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૯ સુધી માઈક્રોફાયનાન્સ યોજના હેઠળ સંસ્થાઓ (NGO) મારફતે અલ્પસંખ્યક સમુદાયના સ્વસહાય જુથોના ૯૮૫ લાભાર્થીઓને રૂા. ૯૬.૦૦ લાખ કુલ ધિરાણ આપવામાં આવેલ છે.

૪. અલ્પસંખ્યક સમુદાયના હસ્તકલાના કારીગરો માટે બજારની વ્યવસ્થા :

આ યોજના હેઠળ રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણાં નિગમ નવી દિલ્હી દ્વારા હસ્તકલાના કારીગરો માટે પ્રદર્શન ક્રમ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં કારીગરોને વેચાણ સ્થળ (સ્ટોલ) ની ફાળવણી કરવામાં આવે છે. કારીગરોને વેચાણ સ્થળે માલ લઇ જવા માટે વાહનોનો ખર્ચ, મુસાફરી ખર્ચ તથા મેળાના સમયગાળામાં રહેવા-જમવાનો ખર્ચ પણ નિયત દરે રાષ્ટ્રીય નિગમ દ્વારા ચૂકવવામાં આવે છે.

૫. વ્યવસાયિક તાલીમ :

અલ્પસંખ્યક સમુદાયના પાત્ર યુવક-યુવતીઓને સ્વરોજગારી-નોકરી માટે વિશેષ લાયકાત કેળવવામાં મદદરૂપ થવા માટે રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણાં નિગમના સહયોગથી રાજ્ય સરકાર દ્વારા માન્ય સંસ્થાઓમાં વિવિધ વ્યવસાયના તાંત્રિક તાલીમ વર્ગોનું આયોજન કરાય છે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીને માસિક રૂા. ૧૦૦૦નું સ્ટાઇપેન્ડ આપવાની જોગવાઇ આ યોજનામાં છે.

**વધુ માહિતી માટે ગાંધીનગર ખાતે નિગમની કચેરીનો અથવા જીલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતી)ની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.**

## દિવ્યાંગ લાભાર્થીઓ માટેની યોજનાઓ

રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની યોજનાઓ :

આ નિગમની યોજનાઓ સમાજના તમામ વર્ગના વિકલાંગ ભાઇ-બહેનોને લાગુ પડે છે. આ યોજનાઓ હેઠળ વિકલાંગ ભાઇ-બહેનોને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઇક્રો ફાઇનાન્સ જેવી યોજનાઓ હેઠળ ધિરાણ આપવામાં આવે છે. ઉપરાંત વ્યવસાયી તાલીમની યોજના પણ છે.

આ યોજનાઓનો લાભ મેળવવા માટેની પાત્રતા નીચે મુજબ છે :-

Scanned with CamScanner

૧. અરજદાર ગુજરાત રાજ્યનો નિવાસી હોવો જોઇએ.

૨. અરજદાર ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતો હોવો જોઇએ. (માન્ય પ્રમાણપત્ર હોવુ જોઈએ)

૩. અરજદારની ઉંમર : ૧૮ વર્ષ થી ઉપરની હોવી જોઇએ.

૪. અરજદાર જે વ્યવસાય માટે ધિરાણ મેળવવા માંગતા હોય તે અંગેનો તેને પુરતો અનુભવ અને તાંત્રિક વ્યવસાય માટે જરૂરી તાંત્રિક-શૈક્ષણીક લાયકાત ધરાવતો હોવો જોઇએ.

૫. અરજદાર અથવા તેના કુટુંબના કોઇ સભ્યે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમીટેડ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર સહિત રાજય - કેન્દ્ર સરકારના કોઇ નિગમ - સંસ્થા અથવા બેંક પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઇએ નહિ.

રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમની ધિરાણ યોજનાઓમાં વ્યાજનો દર નીચે મુજબ છે :-

| ક્રમ | ધિરાણની રકમ | વ્યાજનો દર |
|---|---|---|
| ૧. | રૂા. ૫૦,૦૦૦- સુધી | ૫% |
| ૨. | રૂા. ૫૦,૦૦૧-થી રૂા.૫,૦૦,૦૦૦-સુધી | ૬% |
| ૩. | રૂા. ૫,૦૦,૦૦૧-થી વધુ | ૮% |

નોંધ : મહિલા લાભાર્થીએ ૧% ઓછુ વ્યાજ ચુકવવાનું રહેશે.

## :: યોજનાઓ ::

અ. મુદ્દતી ધિરાણ :

૧. સેવા અને વેપારના ક્ષેત્રમાં નાના વ્યવસાયો માટે ધિરાણ :
વેપાર (ખરીદ વેચાણ) નો વ્યવસાય માટે ધિરાણની મર્યાદા રૂા.૫.૦૦ લાખની છે જ્યારે સેવા ક્ષેત્રના વ્યવસાય માટે ધિરાણની મર્યાદા રૂા.૭.૦૦ લાખ સુધીની છે. આવા યુનિટમાં ન્યુનતમ ૧૫% નોકરી વિકલાંગોને આપવાની રહેશે.

૨. ખેતી વિષયક ધિરાણ :
ધિરાણની મર્યાદા રૂા. ૧૦.૦૦ લાખ સુધીની છે આમાં ખેતી ઉત્પાદન, સિંચાઇ, હોર્ટી કલ્ચર,રેશમ ઉદ્યોગ, ખેતી વિષયક સાધનોના ખરીદ-વેચાણનો વ્યવસાય, ખેત ઉત્પદનોના વેચાણ વિગેરે વ્યવસાયો માટે ધિરાણ મળી શકે છે.

૩. વ્યવસાયિક હેતુ માટે વાહન ખરીદી અર્થે ધિરાણ :
ધિરાણ મર્યાદા રૂા. ૧૦.૦૦ લાખ.

૪. મંદ બુધ્ધિ, સેરીબ્રલ પાલ્સી તથા ઓટિસમ ધરાવતા વિકલાંગોને સ્વરોજગારી આપવાની યોજના :
આ યોજના હેઠળ માનસિક રોગ/વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના માતા-પિતા પતિ-પત્ની અથવા તો કાયદેસરના વાલીને રૂા. ૫.૦૦ લાખ સુધીની લોન આપવાની જોગવાઇ છે.

૫. નાના ઉદ્યોગ માટે ધિરાણ :
આ યોજનાઓનું રાષ્ટ્રીય વિકલાંગ નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હી દ્વારા અમલી કરણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ ધિરાણની મર્યાદા રૂા. ૨૫૦૦ લાખ સુધીની છે. આવા યુનિટમાં ન્યુનતમ ૧૫% નોકરી વિકલાંગોને આપવાની રહે છે.
મુદતી ધિરાણની ઉપરની તમામ યોજનાઓ માટે વ્યાજ સહિતની લોન પાંચ વર્ષમાં ૬૦ એક સરખા માસિક નિયમિત હપ્તાઓમાં પરત ચૂકવવાની હોય છે. વિલંબિત થયેલ ચૂકવણા માટે ૨% દંડનીય વ્યાજ લેવામાં આવે છે.

૬. આ નિગમ દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૯ સુધી મુદતી ધિરાણ યોજના હેઠળ ૪૩૫૪ વિકલાંગ લાભાર્થીઓને રૂા. ૨૦૩૯.૧૭ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે.

Scanned with CamScanner

બ. **શૈક્ષણિક હેતુ માટે ધિરાણ :**

વિકલાંગ અરજદારના માતા પિતા/વાલી નિગમે નિયત કરેલ આવક મર્યાદા ધરાવતા હોવા જોઈએ. અરજદારે અગાઉની વાર્ષિક પરીક્ષા ૫૦% કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જોઈએ. લાભાર્થી ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોવા જોઈએ. પાત્રતા ધરાવતા વિકલાંગ અરજદારોને ઉચ્ચ અભ્યાસક્રમો માટે આ યોજના હેઠળ ધિરાણ આપવામાં આવે છે.

ધિરાણ મર્યાદા : ભારતમાં શિક્ષણ લેવા માટે મહત્તમ રૂ. ૧૦.૦૦ લાખ, વિદેશમાં શિક્ષણ લેવા માટે મહત્તમ રૂ.૨૦.૦૦ લાખ.

વ્યાજ સહિત ધિરાણ શિક્ષણ પૂર્ણ થયા બાદ મહત્તમ ૭ વર્ષમાં પરત ચુકવવાનું રહેશે. વિલંબિત થયેલ ચૂકવણી પર નિયમાનુસાર ૨% દંડનીય વ્યાજ ભરવાનું થાય છે.

ક. **માઇક્રો ક્રેડીટ યોજના :**

આર્થિક રીતે નબળા વિકલાંગ ભાઈ-બહેનો કે જેઓ નાના પાયા પર વ્યવસાય કરવા માંગતા હોય તેઓને આ યોજના હેઠળ તે વિસ્તારની સારી શાખ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થા મારફતે સભ્યદીઠ રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. જેનો વ્યાજનો દર ૫% હોય છે.પરત ચુકવણી : ૩ વર્ષમાં એક સરખા ૩૬ હપ્તાઓમાં, વિલંબિત થયેલ ચૂકવણી પર ૨% દંડનીય વ્યાજ લાગુ પડે છે.

ડ **વ્યવસાયિક તાલીમ યોજના :**

આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિકલાંગ ભાઈ-બહેનોને તેમની નિપુણતા - કૌશલ્ય વધારવા રાષ્ટ્રીય નિગમ મારફતે પાંચ દિવસથી ૩ મહિનાની તાલીમનું આયોજન કરાય છે. રાષ્ટ્રીય નિગમની આ યોજના હેઠળ નિગમમાંથી ધિરાણ મેળવેલ હોય તેવી વ્યક્તિ પણ તાલીમમાં જોડાઈ શકે છે.

વધુ માહિતી માટે નિગમની કચેરીનો અથવાતો જે તે જીલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

આ તમામ યોજનાઓનું રાષ્ટ્રીય નિગમની પોલીસી મુજબ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ નિગમ તેની સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઈ ફેરફાર કરી શકે છે. નિગમ પાસે ધિરાણ માટે ફંડ ઉપલબ્ધ થયેથીજ ધિરાણ અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

**વધુ માહિતી માટે ગાંધીનગર ખાતે નિગમની કચેરીનો અથવા જીલ્લાની જિલ્લા સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.**

---

# ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ


**ભોંયતળિયે અને બીજો માળ, બ્લોક નંબર : ૧૧,**

**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**ફોન નંબર : (૦૭૯) ૨૩૨ ૫૩૮૪૩, ૨૩૨ ૫૪૫૮૩, ૨૩૨ ૫૩૭૫૭**

**ફેક્ષ નંબર : ૦૭૯ ૨૩૨ ૫૭૦૪૫**

**e-mail : md-gmfdcl@gujarat.gov.in**

**www.sje.gujarat.gov.in**


Print@www.shreeramprinters.com

Scanned with CamScanner